# ગાંધીનગરમાં ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રીઝ કોન્ફરન્સ યોજાઇ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઇ શાહે આપ્યું પ્રેરક માર્ગદર્શન

ગાંધીનગર, તા.૧૮

કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રી અને ગાંધીનગર લોકસભા ક્ષેત્રના સાંસદ અમિતભાઈ શાહની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે ઈન્ડિયન ડેરી એસોસિયેશન દ્વારા આયોજીત ૪૯મી ડેરી ઈન્ડસ્ટ્રી કોન્ફરન્સ યોજાઈ હતી. આ ડેરી કોન્ફરન્સનું આયોજન ઈન્ડીયન ડેરી એસોસિયેશનના ઉપક્રમે કરવામાં આવ્યું છે અને દેશભરના રાજયોના ૨૭૦૦થી વધુ ડેરી ઉદ્યોગકારો-સંગઠનો આ ત્રિદિવસીય કોન્ફરન્સમાં સહભાગી થઈ રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતીમાં કેન્દ્રીય મંત્રી અમિતભાઈ શાહે આ અવસરે ડેરી ઉદ્યોગ-પશુપાલન અને દૂધ સંપાદન ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા વ્યક્તિ વિશેષોને ૧૦ જેટલા એવોર્ડ્સ થી સન્માનિત કર્યા હતા. અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, દુનિયા માટે ડેરી વેપારનું એક સાધન છે પરંતુ ભારત માટે ડેરી ઉદ્યોગ ગ્રામીણ અર્થવ્યવસ્થા, રોજગારી અને મહિલા સશક્તિકરણ જેવા બહુહેતુક આયામો માટેનો પાયો છે. ભારત દેશની આઝાદી પછી અત્યાર સુધી ડેરી ઉદ્યોગે દેશના વિકાસ માટે મહત્વનો ફાળો આપ્યો છે. તેઓએ સહકારીતા મંત્રી તરીકે કૃષિ અને કિસાનોની સમૃદ્ધિ માટે સહકારી ડેરીઓએ આપેલા યોગદાન માટે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી.

તેમણે કહ્યું કે સહકારી ડેરીઓએ દેશની ગરીબ મહિલાઓને આત્મનિર્ભર અને આર્થિક સક્ષમ બનાવવાનું કામ કર્યુ છે. આઝાદી પછી પ્રથમ વખત " સહકાર સે સમૃદ્ધિ" ધ્યેય મંત્રને સિદ્ધ કરવાના હેતુથી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અલાયદા સહકાર મંત્રાલયની સ્થાપના કરવા અને આ મંત્રાલયની જવાબદારી તેમને સોંપવા બદલ શ્રી અમિતભાઈએ ગૌરવ સહ આભારની લાગણી વ્યક્ત કરી હતી. કેન્દ્રીય મંત્રી શાહે વધુમાં જણાવ્યું હતું કે, ડેરી ક્ષેત્રે જે વિકાસ થયો છે તેમાં આઈડીએનો ઘણો મહત્વનો ફાળો છે. ભારતના ડેરી ક્ષેત્રને વિશ્વનું સૌથી મજબૂત ડેરી ક્ષેત્ર બનાવવાનો એક પ્રયાસ આ સમિટમાં થયો છે. ડેરી અને પશુપાલન ક્ષેત્રનું દેશના જીડીપીમાં ૪.૫ ટકા યોગદાન છે તો કૃષિ જીડીપીમાં ડેરી ક્ષેત્રનું યોગદાન ૨૪ ટકા છે. સમગ્ર વિશ્વમાં કૃષિ ક્ષેત્રમાં ડેરી ક્ષેત્રનું સૌથી વધુ યોગદાન માત્ર ભારતમાં જ છે. અમૂલની સફળતા વિશે વાત કરતા શાહે જણાવ્યું કે, અમુલનું ૨૦-૨૧નું ટર્ન ઓવર ૫૩ હજાર કરોડ છે. ૩૬ લાખ ખેડૂત પરિવાર અમુલ સાથે જોડાયેલા છે. દૂધના ઉત્પાદનમાં ભારતનો હિસ્સો ૨૧ ટકા થયો છે તેમાં અમૂલ, મધરડેરી, વિજય, પરાગ, નંદિની સહિતની ઘણી બ્રાન્ડનું યોગદાન છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દેશને તમામ ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવાનો સંકલ્પ કર્યો છે તેમાં આજે ડેરી સેકટર મિલ્ક પ્રોસેસિંગના દરેક સાધનોમાં પણ આત્મનિર્ભર થઈ રહ્યું છે. ભારત




વિશ્વનું સૌથી મોટુ દૂધ ઉત્પાદકની સાથે સાથે દૂધ પ્રોસેસિંગના સાધનોના ઉત્પાદનમાં પણ અગ્રેસર બને તે દિશામાં આગળ વધવા આહવાન કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડેરી સેકટરની સાચી તાકાત નાના ખેડૂતો અને પશુપાલકો છે તેવો સ્પષ્ટમત વ્યક્ત કરતાં કહ્યું કે, ગ્રામીણ નવજીવનનો મુખ્ય આધાર જ કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન છે. ગ્રામીણ અર્થતંત્રને ગતિ આપવા સાથે લાખો લોકોની રોજી-રોટી અને આજિવીકા સાથે સંકળાયેલું મુખ્ય સાધન ડેરી ઉદ્યોગ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું. આ કાર્યક્રમમાં રાજ્ય સરકારના મંત્રી જગદીશ વિશ્વકર્મા, ઈન્ડિયન ડેરી એસોસિએશનના પ્રમુખ ડો.આર.એસ સોઢી, એનડીડી બીના ચેરમેન મીનેશભાઈ શાહ સહિત સહકારી તેમજ કૃષિ ક્ષેત્રના અગ્રણીઓ, ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશનના પ્રેસીડેન્ટ અને દેશભરના ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રજાના માથે વધુ એક મોંઘવારીનો માર

# સિંગતેલના ડબ્બામાં ૧૦ દિવસમાં જ રૂા.૬૦નો વધારો

## સીંગતેલમાં ભાવ વધતા નવો ભાવ ૨૯૫૦ થયો, જો કે કપાસિયા, પામોલીન તેલના ભાવ યથાવત રહ્યા

અમદાવાદ, તા.૧૮

રાજ્યની પ્રજા પર એક પછી એક મોંઘવારીના માર લાગી રહ્યા છે. સીંગતેલના ભાવ લોકને દઝાડી રહ્યા છે. સતત વધી રહેલા ભાવ અંકુશમાં નથી આવી રહ્યા. સીંગતેલના ભાવમાં ભડકો થતા ગૃહીણીમાં નારાજગી જોવા મળી રહી છે અને તેમના બજેટ પર પણ અસર પડી છે. સીંગતેલના ભાવમાં વધારો થતા ડબ્બો ફરી ૩ હજારથી નજીક પહોંચ્યો છે.

રાજ્યના લોકો મોંઘવારીનો માર પહેલેથી જ સહન કરી રહ્યા છે તેવામાં આજે ફરી એકવાર સીંગતેલના ભાવમાં ભડકો થયો છે. દિવસેને દિવસે વધતી જતી મોંઘવારીને કારણે સામાન્ય લોકોને ઘર ચલાવવું મુશકેલ બની રહ્યુ છે ત્યારે સીંગતેલમાં ૧૦ જ દિવસમાં ડબ્બે ૬૦ રુપિયાનો વધારો કરી દેવામાં આવ્યો છે. રાજયમાં તેલીયા રાજા બેફામ બન્યા છે અને સીંગતેલના ભાવો સતત સળગી રહ્યા છે. રાજ્યમાં સીંગતેલના ભાવમાં ફરી એકવાર વધારો થતા ગૃહીણીઓના બજેટ પર અસર પડી છે. છેલ્લા ૧૦ દિવસમાં જ સીંગતેલમાં ડબ્બે ૬૦ રુપિયા વધારી દેવામાં આવ્યા છે. સીંગતેલમાં ભાવ વધતા નવો ભાવ ૨૯૫૦ થયો છે. જો કે કપાસિયા, પામોલીન તેલના ભાવ યથાવત રાખવામાં આવ્યા છે. કપાસિયાનો ડબ્બો ૧૮૧૦ રુપિયા તો પામોલિનનો ડબ્બો ૧૫૪૫ રૂપિયા છે. સતત વધી રહેલા ભાવનું કારણ સંગ્રહખોરી અને સટ્ટા બજાર પણ જવાબદાર હોવાનું કહેવામાં આવી રહ્યું છે. રાજ્યમાં મગફળીનું મબલખ ઉત્પાદન થયા હોવા છતાં સિંગતેલના ભવમાં સતત વધારો થઈ રહ્યો છે.

# રાજ્યમાં કોરોનાના નવા ૧૭૯ કેસ : અમદાવાદમાં સૌથી વધુ ૮૩ કેસ

## ૪૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા : કોરોનાના કુલ ૬૫૫ એક્ટિવ કેસ

અમદાવાદ, તા.૧૮

ગુજરાતમાં કોરોના વાયરસના નવા ૧૭૯ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદમાં સૌથી વધુ ૮૩ કેસ નોંધાયા છે. જ્યારે ૪૫ દર્દીઓને રજા આપવામાં આવી છે. કોરોનાના વધતા કેસને ધ્યાને રાખી ગુજરાતીઓએ ફરીથી સાવધાન રહેવાની જરૂર છે અને જો કોઈપણ લક્ષણ દેખાય તો તાત્કાલિક તેની સારવાર કરાવવી જોઈએ.

આમ, સમગ્ર ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૧૭૯ કેસ નોંધાયા છે. તો બીજી તરફ, ૪૫ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં કોરોના વાયરસના કુલ ૬૫૫ એક્ટિવ કેસ છે. જ્યારે એકપણ દર્દીનું મોત નીપજ્યું નથી. આ ઉપરાંત ૪ જેટલા દર્દીને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, કોરોના વાયરસથી અત્યાર સુધીમાં કુલ ૧૧,૦૪૭ દર્દીના મોત નીપજ્યા છે. તો ૧૨ લાખથી વધુ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યા છે. ઉલ્લેખનીય છે કે, ગત ૧૧મી માર્ચે પણ કોરોના વાયરસના ૫૧ કેસ નોંધાયા હતા. ત્યારે અમદાવાદમાં ૩૦થી વધુ કેસ નોંધાયા હતા. તો વળી, ૧૪મી માર્ચે ૫૮ કેસ નોંધાયા હતા. ત્યારબાદ ૧૫મી માર્ચે ૯૧ કેસ નોંધાયા હતા. ૧૬મી માર્ચે ૧૧૯ કેસ અને ૧૭મી માર્ચે ૧૨૧ કેસ નોંધાયા હતા.

### કોરોના કેસની માહિતી

| | |
|---|---|
| અમદાવાદ કોર્પોરેશન | ૮૩ |
| મહેસાણા | ૨૧ |
| રાજકોટ કોર્પોરેશન | ૧૩ |
| અમરેલી | ૯ |
| સુરત કોર્પોરેશન | ૯ |
| સાબરકાંઠા | ૮ |
| રાજકોટ | ૬ |
| વડોદરા કોર્પોરેશન | ૫ |
| સુરત | ૩ |
| સુરેન્દ્રનગર | ૩ |
| આણંદ | ૨ |
| ભાવનગર | ૨ |
| ભાવનગર કોર્પોરેશન | ૨ |
| ગાંધીનગર | ૨ |
| ગાંધીનગર કોર્પોરેશન | ૨ |
| જૂનાગઢ કોર્પોરેશન | ૨ |
| પોરબંદર | ૨ |
| અમદાવાદ | ૧ |
| ભરૂચ | ૧ |
| ખેડા | ૧ |
| મોરબી | ૧ |
| પાટણ | ૧ |

# પાવાગઢ મંદિર ચૈત્રી નવરાત્રિમાં સવારે ૫ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લું રહેશે

## કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૨ માર્ચથી ૬ એપ્રિલ સુધી દર્શનનો સમય નક્કી

પંચમહાલ,તા.૧૮

ચૈત્રી નવરાત્રી દરમ્યાન પાવાગઢ ખાતે શ્રી મહાકાળી માતાજીના દર્શનનો વિશેષ મહિમા



રહેલો હોય છે. ત્યારે ચૈત્રી નવરાત્રિ દરમ્યાન સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શનનો સમયગાળો નક્કી કરાયો છે. ચૈત્રી નવરાત્રિમાં સવારે ૫ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી પાવાગઢ મંદિર ખુલ્લું રહેશે. ૨૨ માર્ચથી ૬ એપ્રિલ સુધી દર્શનનો સમય નક્કી કરાયો છે. માઈભક્તો માટે મળતી માહિતી અનુસાર, પાવાગઢ ખાતે કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટ દ્વારા ૨૨ માર્ચથી ૦૬ એપ્રિલ સુધી દર્શનનો સમય નક્કી કરાયો છે. ચૈત્રી નવરાત્રિના ૧૬ દિવસ દરમ્યાન મંદિર સવારના પાંચથી રાત્રિના આઠ સુધી દર્શનાર્થે ખુલ્લું રાખવામાં આવશે. ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે તથા રવિવાર અને આઠમના દિવસે વહેલી પરોઢે ચાર વાગ્યે મંદિર દર્શન માટે ખુલ્લું મુકાશે.પાવાગઢ ખાતે ચૈત્રી નવરાત્રિમાં મોટેભાગે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રથી મોટી સંખ્યામાં માઈભક્તો દર્શન માટે ઉમટતા હોય છે. અહીંથી ભક્તો પોતાના રાજ્યોમાં પાવાગઢથી અખંડ જ્યોત લઈને પોતના વતનમાં જવાનું માહાત્મ્ય છે. જ્યાં અહીંથી લઈ જવાયેલ અખંડ જ્યોતની નવરાત્રિના નવ દિવસ સુધી પૂજા અર્ચના થાય છે અને બાદમાં તેનું વિસર્જન થાય છે. તેથી પાવાગઢમાં ચૈત્રી નવરાત્રિમાં દર્શનનું વિશેષ મહત્વ રહેલું છે. ચૈત્રી નવરાત્રિ એ શક્તિના નવ સ્વરૂપોની રીતે નવ દિવસોમાં સમર્પિત થયેલો ઉત્સવ છે. આ તહેવાર વસંતઋતુમાં ઉજવવામાં આવે છે. તેને ચૈત્ર નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. આ નવ દિવસોના ઉત્સવને રામ નવરાત્રી તરીકે પણ ઓળખવામાં આવે છે. ચૈત્ર માસમાં આબોહવામાં વસંત અને પાનખર જેવા બે મહત્વના સંગમોની શરૂઆત થાય છે અને સૂર્યનો પ્રભાવ પણ રહે છે. માતૃદેવીની પૂજા માટે આ બે સમયગાળાને એક પવિત્ર તક તરીકે ગણવામાં આવે છે. ચંદ્ર આધારીત પંચાંગ પ્રમાણે આ ઉત્સવની તારીખો નક્કી કરવામાં આવે છે. નવરાત્રી દેવી દુર્ગાના ઉત્સવનું પ્રતીક છે.

# કમોસમી વરસાદના લીધે ખેતીના પાકને મોટા પાયે નુકસાન થયું

## મહિલા ઝાડ નીચે ઉભી હતી ત્યારે જ વીજળી પડતા તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને બાદમાં મોતને ભેટી હતી

ગાંધીનગર, તા.૧૮

છોટાઉદેપુરમા વીજળી પડતા એક મહિલાનુ મોત થયું છે. એકલબારામાં વિજળી પડતા મહિલા મોતને ભેટી હતી જેને લઈને પરિવારમાં શોકનો માહોલ છવાયો છે. મહિલા ઝાડ નીચે ઉભી હતી ત્યારે જ વીજળી પડતા તે ગંભીર રીતે ઘાયલ થઈ હતી અને બાદમાં મોતને ભેટી હતી. આ અંગે સામે આવેલી વિગતો અનુસાર ગઈકાલે સાંજે ખેતરમાં કામ કરતા સમયે વીજળી પડી હતી. મૃતકનું નામ મુરખીબેન રાઠવા હતું અને તેઓ ૩૫ વર્ષના હતા. અચાનક વરસાદ આવતા આંબાના ઝાડ મુરખીબેન ઉભા હતા ત્યારે આ બનાવ બન્યો હતો. મોડાસાના ઉમેદપુર સહિતના પંથકમાં ખેતીના પાકને ભારે નુકશાન થયું છે. ખેતરમાં પાણી ભરાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. આ ઉપરાંત ખેતીમા થયેલા નુકસાન અંગે વળતર આપવામાં આવે તેવી ખેડૂતોની માંગ છે. રાજ્યમાં છેલ્લા ઘણા દિવસથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. જેના કારણે ખેતીના પાકને મોટા પાયે નુકસાન થયું છે. પહેલા વાત કરીએ સાબરકાંઠા જિલ્લાની તો અહીં ગતરાત્રીએ વરસેલા કમોસમી વરસાદને લઈને ખેતીના પાકોમાં વ્યાપક નુકસાન જવા પામ્યું છે. ખેડૂતોએ રવિ સિઝન દરમિયાન વાવણી કરેલા ઘઉંના પાક તૈયાર હતો અને લણણી કરવાના સમએજ કમોસમી વરસાદ વરસતા ખેડૂતોને ઘઉંના પાકમાં વ્યાપક નુકસાન થયું છે. કેટલાક ખેડૂતોએ ઘઉંના પાકની કાપણી કરી હતી તો કેટલાક ખેડૂતોએ લણણી કરી લીધી હતી પરંતુ લણણી કરેલા પાકમાં પશુઓ નો ઘાસ ચારો પણ નષ્ટતા ના આરે છે.

# ટીઈટી-૧ કસોટી ૧૬મી, ટીઈટી ૨ કસોટી એપ્રિલની ૨૩મીએ

ગાંધીનગર, તા.૧૮

શિક્ષણ વિભાગ દ્વારા ટેટ-૧ અને ટેટ-૨ની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. રાજ્યની સરકારી શાળામાં ખાલી પડેલી પ્રાથમિક શિક્ષકોની ભરતી માટે પરીક્ષા લેવામાં આવશે. ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળાઓના શિક્ષકો માટેની ટીઈટી-૧ અને ટીઈટી-૨માટેની યોગ્યતા કસોટીની તારીખ આજે જાહેર કરવામાં આવી છે.

ટીઈટી-૧ અને ટીઈટી-૨ માટે ઓનલાઈન અરજી અન્વયે બંનેની યોગ્યતા કસોટી એપ્રિલમાં યોજવામાં આવશે.

ટીઈટી-૧ કસોટી આગામી એપ્રિલની ૧૬મી તારીખના રોજ યોજાશે જ્યારે ટીઈટી-૨ કસોટી આગામી એપ્રિલની ૨૩મી તારીખે યોજાશે. રાજ્યભરમાંથી ટીઈટી-૧ માટે અંદાજે ૮૭ હજાર અને ટીઈટી-૨ માટે અંદાજે ૨ લાખ ૭૨ હજાર જેટલા ઉમેદવારો કસોટી આપશે. પ્રાથમિક શિક્ષક બનવા માટે ટીઈટી-૧ અને ટીઈટી-૨ કસોટી પાસ કરવી ફરજિયાત છે. ધોરણ ૧થી ૫માં શિક્ષકની નોકરી માટે ઉમેદવારોએ ટીઈટી-૧ પરીક્ષા પાસ કરવી પડે છે અને ધોરણ ૬થી ૮માં શિક્ષક બનવા માટે ટીઈટી-૨ની પરીક્ષા પાસ કરવી પડે છે.

# માણેકચોકમાં ફરી મુકાયા ટેબલ-ખુરશી

અમદાવાદ, તા.૧૮

શહેરની ઓળખ સમા માણેકચોકનું ખાણીપીણી બજાર ફરી ધમધમતું થયું છે. બજારમાં ફરી ટેબલ ખુરશી મુકાતા મોટી સંખ્યામાં લોકો ખાણીપીણી માટે ઉમટ્યાં છે. છેલ્લા ૫ દિવસથી માણેકચોકમાં આવતા લોકો ટેબલ ખુરશી વિના નીચે બેસીને જમવા મજબૂર બન્યાં હતા. અહીંના સ્થાનિકોની કેટલીક મુશ્કેલીને કારણે પોલીસે ખુરશી હટાવી હતી, પરંતુ હવે શાંતિથી અને કોઈને નડતર રૂપ ન થાય તેમ બજારમાં ખુરશી ટેબર રાખવા તેવી બાંહેધરી બાદ પોલીસ સાથે સમાધાન થયું છે.

અમદાવાદમાં ખાણીપીણીનું ઠેકાણું એટલે માણેકચોક. અમદાવાદની ઓળખ સમા માણેકચોકના ખાણીપીણી બજારમાં છેલ્લા એક અઠવાડિયાથી વિવાદ સર્જાયો હતો. અચાનક ત્યાંથી ટેબલ ખુરશી ગાયબ થયા હતા.

ખાણીપીણી માટે પ્રખ્યાત માણેકચોકમાં રાત્રિના સમયે માનવ મહેરામણ ઉમટી પડે છે. જેના કારણે આ વિસ્તારમાં ટ્રાફિક સર્જાય છે. જેના કારણે તંત્ર દ્વારા વિક્રેતાઓને ટેબલ ખુરશી મુકવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. તેમ છતાં ખાણી-પીણીના શોખીન લોકો પાથરણા પર બેસીને માણેકચોકમાં સ્વાદનો ચસકો માણી રહ્યા હતા.

### કમોસમી વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજી બાજુ શહેરના અનેક વિસ્તારમાં વાદળછાયું વાતાવરણ છે. સાણંદ પંથકમાં પણ કમોસમી વરસાદ પડી રહ્યો છે. સાણંદ ચૈંઢઝ વિસ્તારમાં માવઠું પડ્યું છે.

ગુજરાતના સોરઠની કેસર કેરી જગવિખ્યાત છે. ત્યારે આ વર્ષે કમોસમી વરસાદને કારણે કેરીના પાકનો કચ્ચરઘાણ વળી ગયો છે. કેરીઓ આંબા પરથી ખરી પડી છે. તો બીજી તરફ, ભારે પવનને લઈને બાગાયતી ખેતી કરતા ખેડૂતોના હાલ બેહાલ જોવા મળ્યા છે.માવઠાને કારણે જૂનાગઢમાં કેરી અને ચીકુના પાકને ખૂબ જ નુકસાન થયપું છે. એમાં પણ ઝાકળ પડતી હોવાથી કેરી સળી જતી હોવાનું જોખમ પણ માથે ઊભું છે. શરૂઆતમાં આંબે મોર આવ્યા હતા ત્યારે આ વર્ષે ખૂબ જ મોટા પ્રમાણમાં કેરીનું ઉત્પાદન થાય તેવી ખેડૂતોનો આશા હતી. પરંતુ કમનસીબે કમોસમી વરસાદે કેરીના ઉત્પાદન પર પાણી ફેરવું કાઢ્યું છે.ફળોનું હબ ગણાતા વંથલીમાં ચીકુ અને સીતાફળની ખૂબ જ મોટા પ્રમાણમાં ખેતી થાય છે. ત્યારે અત્યારે ચીકુની સિઝન છે. પરંતુ વાતાવરણે બધો જ ખેલ બગાડી નાંખ્યો છે. મોટાભાગના ચીકુ ઝારપ પરથી ખરી પડ્યાં છે. તેને લઈને ઉત્પાદનમાં ઘટાડો થશે.

### તોફાની વરસાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઠેર પાણી ભરાઈ ગયા હતા જયારે વરસાદની સાથે પવનનુ જોર પણ વધારે હોવાથી સેકટરોના આંતરિક વિસ્તારો અને માર્ગો પર સુકા પાંદડાઓ સાથે ઠેર ઠેર કચરાનો ઢગ જોવા મળ્યો હતો જેમાં વરસાદી પાણીના ભરાવાથી ગંદકી હઠીલી બની હતી. સતત અડધો કલાક સુધી વરસાદી વાયરો ફુંકાતા નગરનુ વાતાવરણ પણ હિલસ્ટેશન જેવુ બની ગયુ હતુ. કમોસમી વરસાદી ઝાપટાના લીધે ખેડુતોની ચિંતા વધી ગઈ હતી ખેત પાકોને નુકશાનીની ભીતિના લીધે ખેડુતોમાં નિરાશા વ્યાપી હતી. સમગ્ર રાજયમાં ઉનાળાની આકરી ગરમીની સિઝનમાં છેલ્લા ઘણાં સમયથી વારંવાર વાતાવરણમાં પલ્ટો જોવા મળે છે. જેના લીધે રોજબરોજ ઉનાળાની તપતી બપોરના અંતે પણ વરસાદી વાયરો ફુંકાતો જોવા મળે છે. જયારે બે દિવસ અગાઉ પણ વરસાદી વાદળો ગોરંભાતા માવઠુ થયુ હતુ. જયારે ગત મહીના દરમિયાન પણ મોસમમાં બદલાવ જોવા મળ્યો હતો. અગાઉ વરસાદી વાયરાના લીધે ગરમીનો પારો પણ એક જ રાતમાં ૬ ડીગ્રી નીચે ઉતરી ગયો હતો જયારે આજે પણ બપોરના સમયે વાદળિયા વાતાવરણની સાથે સાંજે વરસાદી ઝાપટાથી શહેરમાં ઠંડક પ્રસરી હતી. વરસાદી ઝાપટના લીધે નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. સાંજના સમયે બાર્ડની પરીક્ષા પુરી થતા વરસાદી વાતાવરણથી વિદ્યાર્થીઓ પણ પ્રભાવિત થયા હતા. જયારે શાળાઓ પાસે ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળ્યા હતા. સમગ્ર ગુજરાતમાં વાતાવરણ પલ્ટાની અસર વર્તાઈ રહી છે. વિવિધ ઠેકાણે માવઠુ વરસતા ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન તજજ્ઞોના મતે હજુ માર્ચના અંતમાં પણ વાતાવરણ પલ્ટો જોવા મળશે જયારે એપ્રિલ મહીનામાં પણ હવામાનમાં બદલાવ આવશે. અલબત્ત ઉનાળાના માર્ચ અને એપ્રિલ મહીનામાં સતત વાતાવરણ પલ્ટાની અસર રહેશે. જો કે મોસમમાં બદલાવની સાથે ગરમીનુ જોર પણ વધુ રહે તેવી સંભાવના છે. જેના લીધે ગરમીનો પારો પણ આગામી સમયમાં રેકર્ડ બ્રેક સ્થિતિમાં જોવા મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ગઈકાલની જેમ ૩૪ ડીગ્રી રહ્યુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૮.૪ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે બેવડાથી ઓછો તફાવત જોવા મળ્યો હતો. માવઠાની અસરથી સાંજ નિખરતા વાતાવરણ ખુશ્નુમા બન્યુ હતુ.

### બે-બે કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામેથી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ બન્ને દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. બન્ને દર્દીની સ્થિતિ સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રએ સર્વેલન્સ સઘન કરવા તેમજ ટેસ્ટીંગ વધારવા તેમજ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા સૂચનાઓ આપી છે.

તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી પણ અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

### પેપર સરળ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રહ્યુ હતુ. આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત અજયસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ બી ગૃપના વિદ્યાર્થીઓ માટે આજે અગત્યના બાયોલોજી વિષયની પરીક્ષા હતી. જો કે આજનુ પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. જેમાં ૫૦ ગુણના એમ સી ક્યુ પુસ્તક આધારિત અને સરળ રહ્યા હતા. જયારે થિયરીના બે અને ત્રણ ગુણના પ્રશ્નો પણ પાઠયપુસ્તક આધારિત અને સરળ રહ્યા હતા. જયારે ચાર ગુણના પ્રશ્નો ફેરવીને પુછાયા હતા જેના જવાબ આપવામાં વિદ્યાર્થીઓને થોડી તકલીફ પડી હતી. આકૃતિ વાળા પ્રશ્નો પણ ધારણા મુજબના જ પુછાયા હતા. જેના લીધે વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં જીવવિજ્ઞાનના પેપરમાં ૨૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી પરીક્ષા દરમિયાન જિલ્લામાં એક પણ કોપી કેસ નોંધાયો નથી.

### અમલ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લક્ષ્યાંક હાંસલ કરવામાં આવે તે માટે ખાસ રોડમેપ તૈયાર કરી આગળ વધવુ જોઈએ.

આ બેઠકમાં રજૂ કરવામાં આવેલા પ્રેઝેન્ટેશન અનુસાર ગાંધીનગર જિલ્લામાં ઉજ્જવલા યોજના અંતર્ગત જાન્યુઆરીથી માર્ચ-૨૦૨૩ સુધીમાં ૫૯ હજારથી વધુ એલ.પી.જી. સિલિન્ડર વિનામૂલ્યે રીફીલીંગ કરી આપવામાં આવ્યા છે. એન.એફ.એસ.એ. યોજના અને પી.એમ.જી.કે.વાય. યોજના અંતર્ગત ૯૫ ટકાથી વધુ કામગીરી કરવામાં આવી છે. ગ્રામ્યકક્ષાએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૨૦૨૨ સુધીમાં ૯૫ ટકા કામગીરી કરવામાં આવી છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ૧૦૦ ટકા શૌચાલય નિર્માણ કરવામાં આવ્યું છે. નલ સે જલ યોજના અંતર્ગત ગુજરાતમાં પ્રથમ ગાંધીનગર જિલ્લો ૧૦૦ ટકા નળ જોડાણ ધરાવતો જિલ્લા જાહેર કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ કેન્સરના સર્વે, સ્ક્રિનિંગ અને સારવાર અભિયાન અંતર્ગત ૧ લાખ ૪૯ હજારથી વધુ વ્યક્તિઓનું સ્ક્રિનીંગ કરવામાં આવ્યું છે. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત જિલ્લામાં ૭૬ અમૃત સરોવરના નિર્માણના લક્ષ્યાંક સાથે ૪૧ સરોવરનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. તેની સાથે પ્રધાનમંત્રી જનધન યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બીમા યોજના, પ્રધાનમંત્રી જીવન જયોત બીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી મુદ્રા યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ જેવી અનેક ફલેગશીપ યોજનામાં ની કામગીરી બાબતે સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકના આરંભે જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે એ મહાનુભાવનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ બેઠકમાં અમદાવાદ(પૂર્વ)ના સાસંદ હસમુખભાઈ પટેલ, રાજયસભાના સાંસદ નરહરિભાઈ અમીન, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય અલ્પેશભાઈ ઠાકોર, દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, માણસાના ધારાસભ્ય જયંતિભાઈ પટેલ, કલોલના ધારાસભ્ય બકાજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખો, નગરપાલિકાના પ્રમુખો, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌતમ, નિવાસ અધિક કલેકટર ભરત જોષી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક બી.કે. પટેલ અને જિલ્લાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મિલ્કત વેરો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દ્વારા લેવામાં આવ્યો છે પણ તે આકારણી અને સર્વેની કામગીરી નાણાંકીય વર્ષ પૂર્ણ થતાં હાથ ધરવામાં આવશે.

શહેરમાં મનપાની રચના પછી પ્રથમવાર મિલ્કતવેરાની વિક્રમી આવક થઈ છે. તંત્રએ સરકાર પાસેથી પણ મિલ્કતવેરાની વસુલી માટેના સઘન પ્રયાસો હાથ ધર્યા છે અને સૌહાર્દપૂર્ણ રીતે થયેલી વાતચીત પછી ઘણી બધી કચેરીઓ દ્વારા આ વેરો ભરી દેવાની ખાત્રી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

સરકારની વિવિધ મિલ્કતોની બાકી વસુલાત રૂ. ૪૨ કરોડ જેટલી હતી જો કે આ માસાન્તે આ રકમમાં ભારે ઘટાડો થશે તેવા સંકેતો મળી રહ્યા છે.

મનપા પાસે આવકના સિમીત સાધનો છે ત્યારે તંત્ર દ્વારા આવકના સ્ત્રોતોના સઘનીકરણ પર ભાર મુકવામાં આવ્યો છે અને તે અંતર્ગત મિલ્કતવેરાની આક્રમક વસુલી હાથ ધરવામાં આવી છે.

### પાથેય

● અનુસંધાન ચોથાનું ચાલુ...

છે... વિમળશાને અંબાજી દર્શન કરવા જતાં રસ્તામાં, એક વાવના કાંઠે એને ભીખ માંગતો એક યુવક બેઠેલો જોવા મળે છે .એને પુછતાં એણે જણાવ્યું કે આ વાવ એના યશસ્વી બાપદાદાએ બનાવી હતી અને એ હકથી પોતે ભીખ માંગતો હતો ! વિમળશા શેઠને આવાં સંતાનો જોઈ ખિન્નતા થાય છે..પ્રસન્ન થયેલ અંબાજી મા એને વચન માંગવાનું કહે છે ,ત્યારે એ પોતાનું નખ્ખોદ માગે છે. માતાજી અને વળી વળીને ત્રણ તક આપે છે અને તો પણ એ મક્કમતાથી નખ્ખોદ જ માગે છે..રઘુનાથ ભટ્ટ આ વાત ગંગા સમક્ષ પુરી કરે છે. લેખક છેલ્લું વાક્ય લખે છે..'

આખા ઘરમાં મૃત્યુ જેવી શાંતિ છવાઈ રહી. "

જમાનો બદલાય છે...જનરેશન ગેપ દરેક કાળમાં હોય છે..આ નવલિકા આજે પણ પ્રસ્તુત છે..આજે પણ આપણી આસપાસ મુકુન્દરાય જેવાં અપરિપકવ સંતાનો માબાપની લાગણીને ઠેબે ચડાવતાં જોવા મક્કમ છે..જમાનો બદલાય છે..વાર્તાઓ લખનારા બદલાય છે પરંતુ 'મુકુન્દરાય " જેવી કૃતિઓ ક્યારેય કાળગ્રસ્ત થતી નથી..આ કથા એટલે સંવેદનનો અદભુત એકસ-રે.....